મહામહિમ રાજયપાલશ્રીએ આ સન્માનીય ગૃહને સંબોધન કરવા બદલ માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને માનનીય શ્રી કેશાજી ચૌહાણ તેને અનુમોદન આપેલ છે, તે પ્રસ્તાવનું હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ કહ્યું છે કે, **Today the Goal of the Country is Viksit Bharat, Sashakt Bharat, We can not Stop Until this dream of a developed india is fulfilled.**

“ યહી સમય હૈ, સહી સમય હૈ ” ના અભિગમ સાથે આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ કિસાન અને કૃષિ માટે વન ડ્રોપ, મોર ક્રોપની નીતિને અનુમોદન આપ્યું છે.

આદરણીય વડાપ્રધાનશ્રીના વિકસીત ભારત, સશકત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાતના ગામડા, કૃષિ અને ખેડૂતો ધ્વારા અપાતા યોગદાનને નકારી શકાય નહિ. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિના વિકાસ થકી સમૃધ્ધ ખેડૂત અને વિકસિત રાષ્ટ્રની કલ્પના આઝાદી બાદ શરુ થયેલી, પરંતુ સાચી દિશાનું આયોજન અને નકકર કામગીરી માનનીય અધ્યક્ષશ્રી સને ૨૦૧૪ થી જ્યારે દેશમાં આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ સત્તાના સુત્રો સંભાળ્યા બાદ જ શરુ થયેલ છે. ભારત સરકાર ધ્વારા કૃષિ પાકોના ટેકાના ભાવોમાં મોટો વધારો જે સરકારની ખેડૂતોના ઉત્કર્ષ માટેના અભિગમની પ્રતિતિ કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ગુજરાત સરકારે કૃષિ ઉત્પાદન વધારવા કૃષિમાં વૈવિધ્યીકરણ લાવી જૈવિક ખેતી સાથે, બાગાયત, પશુપાલન, એગ્રોપ્રોસેસીંગ, એગ્રોમાર્કેટીંગ ભૂમિ સંરક્ષણ, ડેરી વિકાસને આધુનિક ઇલેકટ્રોનીક સાધનો સાથે, પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતો પ્રેરિત થાય તેવી નીતિઓ / યોજનાઓના ઘડતર, અમલીકરણ અને તેના નિરીક્ષણ ધ્વારા ખેડૂતોની આવકમાં વૃધ્ધિ કરી, ખેડૂતની આર્થિક સ્થિતિ સુધારવાની સાથો સાથ, વધુ કૃષિ ઉત્પાદનની નીતિ અમલમાં મૂકી ગુજરાતના કૃષિ ક્ષેત્ર ધ્વારા રાષ્ટ્ર વિકાસમાં આપેલ યોગદાન વિશેષ છે. આ માટે ગુજરાત સરકાર અને આદરણીય કૃષિ મંત્રીશ્રીએ કરેલ કામગીરી પ્રસંશનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાવણીથી વેચાણ સુધી ખેડૂતો સાથે અડીખમ ઉભી રહેલી માનનીય ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે કૃષિ ક્ષેત્રેના વિકાસ માટે ગત વર્ષની કૂલ રૂ. ૨૧,૬૦૫ કરોડની જોગવાઇમાં આ વર્ષે ૫૮૯ કરોડનો વધારો કરી રૂ. ૨૨,૧૯૪ કરોડની જોગવાઇ કરી છે તે બદલ સરકાર, નાણામંત્રીશ્રી તથા કૃષિમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા કિસાન સન્માન નીધિ અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં આશરે ૮૦ કરોડ ખેડૂતોને અંદાજે ૧૫ હજાર કરોડની સહાય આપેલ છે, જે ઐતિહાસિક અને અભૂતપૂર્વ છે.

કૃષિ ઉત્પાદકતા વધારી અન્નદાતાને સમૃધ્ધ બનાવવા માટે આધુનિક ટેકનોલોજીમાં ડ્રોનના ઉપયોગ સાથે પ્રિસિઝન ફાર્મિંગને પ્રોત્સાહન આપ્યું છે તે આવકારદાયક છે. ગુજરાતમાં કેસર કેરી અને ભાલિયા ઘઉં બાદ કચ્છની ખારેકને જી.આઇ. ટેગની માન્યતા મળી છે તે માટે ગુજરાતના ખેડૂતો સાથે કૃષિ વૈજ્ઞાનિકોને પણ અભિનંદન છે.

આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ **G-20** વિકાસશીલ દેશોનું નેતૃત્વ કરતા જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્ર એ માનવ સભ્યતાના કેન્દ્રમાં છે, આ ક્ષેત્ર સામેના પડકારોનો સામનો કરીને માનવતાના ભવિષ્યને આગળ વધારવા માટે સામૂહિક રીતે કામ કરવું જોઇએ. તેઓએ ચાર પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો છે જેમાં (૧) ખાદ્ય સુરક્ષા અને પોષણને વધારવા માટે કૃષિ વિવિધતાને પ્રોત્સાહન અને સામાજિક સુરક્ષા પ્રણાલીઓમાં સુધારો (૨) આબોહવા-અંગે સ્માર્ટ અભિગમ (3 ) નાના અને સીમાંત ખેડૂતો, મહિલાઓ અને યુવાનો માટે માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા આર્થિક તકોનો ઉપયોગ કરવો અને (4) કૃષિ માટે ડિજિટલાઈઝેશનમાં સુધારો કરવો અને કૃષિ ડેટા પ્લેટફોર્મ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ડિજિટલ તકનીકોનો લાભ લેવા આહવાન કર્યું છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ૨૦૨૩ નું વર્ષ એ બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ પણ છે. બાજરી/અન્ન/સુપરફૂડ માત્ર સ્વાસ્થ્ય માટે જ સારું નથી પણ ખેડૂતોને આવકમાં વૈવિધ્યકરણ અને આબોહવા સ્થિતિ સ્થાપકતાને પ્રોત્સાહન આપીને ટકાઉ આજીવિકા હાંસલ કરવામાં પણ મદદ કરે છે. "ગ્લોબલ ફૂડ સિક્યોરિટી એન્ડ ન્યુટ્રિશન" પર આદરણીય વડાપ્રધાને ભાર મૂકી વર્તમાન સમયમાં પડકારો અને સંભવિત ઉકેલો માટે આહવાન કર્યું હતું.

ખાદ્ય સુરક્ષા અને પોષણ પ્રત્યે ભારતનો **G-20** માં અભિગમ છે કે "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" ની સ્થિતિનું સર્જન કરવું તથા ભૂખનો અંત તેમજ ખોરાક અને પોષણ સુરક્ષા પ્રાપ્ત કરવીની નિતી, એ સંસ્કારી માનવ જીવન માટેની મૂળભૂત જરુરીયાતની છે, તે ભારતના સાંસ્કૃતિક ધરોહર અને સંસ્કારની પ્રતિતી કરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ **G 20** સભ્ય દેશોને જમીનના સ્વાસ્થ્ય, પાકના સ્વાસ્થ્ય અને પોષણયુકત ઉત્પાદકતા માટે નવી કૃષિ પદ્ધતિઓ શોધવા, ઇનોવેશન અને ડિજિટલ ટેક્નોલોજી અપનાવવા ઉપર ભાર મૂકયો હતો.

ગુજરાતના ખેડૂતની સમૃધ્ધિ માટે સરકારે કૃષિ યાંત્રિકીકરણ માટે ટ્રેકટર, વિવિધ ખેત ઓજારોની ખરીદીમાં સહાય માટે રૂ. ૭૦૧ કરોડની, વન્ય પ્રાણીઓ ધ્વારા થતા પાકને નુકસાન અટકાવવા ખેતરની ફરતે કાંટાવાળી તારની વાડ માટે રૂ. ૩૫૦ કરોડ, એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને સહાય માટે રૂ. ૨૦૦ કરોડ, ખાતેદાર ખેડૂતના અકસ્માતે થતા મૃત્યુ માટે સહાય ચુકવવા રૂ. ૮૧ કરોડ, કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેકનોલોજીને પ્રોત્સાહન માટે રૂ.૫૬ કરોડ અને મીલેટસનો વાવેતર વિસ્તાર વધારવા રૂ. ૩૫ કરોડની જોગવાઇ કરી છે તે આવકારદાયક છે.

ભારતને ૨૦૪૭ સુધી સંપૂર્ણ વિકસીત રાષ્ટ્ર બનાવવામાં ગુજરાતનું યોગદાન મહત્વનું રહેનાર છે. રાષ્ટ્રમાં ગુજરાત કૃષિ હબ તરીકે ઉભરી રહયું છે. આદરણીય કૃષિ મંત્રીશ્રીએ આ અંગે પોતાના વિચારો વ્યકત કરતા જણાવ્યું છે કે, આવનાર ૨૫ વર્ષ ગુજરાતની કૃષિ ક્ષેત્રની કાયાપલટનો મહત્વના સમયગાળો રહેનાર છે.

ગુજરાત રાજ્યના મહામહિમ રાજયપાલશ્રી પણ માનવ જીવનના શારીરિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે અને પર્યાવરણની રક્ષા માટે પ્રાકૃતિક ખેતીના આગ્રહી છે. આ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સરકારે રૂ. ૧૬૮ કરોડની જોગવાઇ કરી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દેશી ગાયનો નિભાવ કરે તો, તેમને મદદરુપ થવા સરકારે રૂ. ૧૯૯ કરોડની જોગાવઇ કરેલ છે. આ ઉપરાંત સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ પાકોના વાવેતર, વિવિધ ખેત કાર્યો અને તેના સંગ્રહ માટે રૂ ૨૯૪ કરોડની જોગવાઇ કરી છે. નવા બાગાયાતી પાકો માટે રૂ. ૧૬૦ કરોડ સહિત આદિજાતિ વિસ્તારોમાં મધમાખી પાલકો માટે રૂ. ૬ કરોડની જોગવાઇ કરી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા છે.

રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવાના હેતુથી મોરબી અને કચ્છ ખાતે નવીન કૃષિ ઇજનેરી મહાવિદ્યાલયો તથા ખેડબ્રહ્મા ખાતે કૃષિ ઇજનેરી મહાવિદ્યાલય ચાલું કરવા સરકારે નિર્ણય કર્યો છે તે બદલ સરકારને અભિનંદન પાઠવું  છું. કૃષિ યુનિવર્સિટીઓની માળખાકીય વ્યવસ્થા, વહિવટ અને સંશોધન માટે રૂ. ૯૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

પશુપાલન અને શિક્ષણ તેમજ સંશોધન કાર્યમાં સંલગ્ન કામધેનુ યુનિવર્સિટી માટે રૂ. ૩૨૪ કરોડની જોગવાઇ પણ સરકારે કરી છે. તે બદલ કૃષિમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છુ.

“ ગૈયા હમારી મૈયા ”ની સાંસ્કૃતિક ભાવનાને બળવત્તર બનાવવા મુખ્યમંત્રીશ્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રૂ. ૪૨૫ કરોડની યોજનાઓ સાથે પશુઓની નિઃશુલ્ક સારવાર માટેની યોજનાઓ, પશુધન વિમા પ્રિમિયમ સહાય યોજના, પાડી-વાછરડી ઉછેર યોજનાઓ થકી દૂધ ઉત્પાદકતા વધારવા ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે તે આ બજેટ ધ્વારા ફલિત થાય છે.

મત્સ્યોધ્યોગના વિકાસ માટે, હયાત મત્સ્ય બંદરો, મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનું આધુનિકરણ વગેરે માટે રૂ. ૬૨૭ કરોડની જોગવાઇ કરી માછીમાર વ્યવસાય સાથે સંકળાયેલ દરિયાખેડૂઓને સરકાર તેમની સાથે છે તેવો અહેસાસ કરાવ્યો છે.

આ ઉપરાંત ખેડૂતોને બેન્કો મારફતે રૂ. ૩ લાખના ધિરાણ ઉપર ૪ ટકા વ્યાજ રાહતની અભૂતપૂર્વ યોજના લાવી આ સરકાર ખેડૂતોની સરકાર છે તેવી પ્રતિતિ કરાવી છે, તે આવકારદાયક છે.